॥ ૐ ॥

श्री લક્ષ્મીકાન્ત નાટક સમાજ.

વીર કુણાલ

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ચંદુલાલ હરગોવનદાસ શાહ.
માલેક—શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ.
હાલ મુકામ-ગ્રાંટરોડ વીકટોરીઆ થીએટર મુંબાઈ.

મુંબઈ [illegible] રોડ ઉપર આવેલા ધી "[illegible]"
[illegible] છાપી.

કીંમત ૪ આના.

॥ ॐ ॥

तत्सत् परमात्मने नमः

વીર કુણાલ

નાટકનો ટુંક સાર તથા ગાયનો

રચનાર,

પ્રભુલાલ દયારામ દ્વિવેદી એન્જીનીઅર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

ચંદુલાલ હરગોવનદાસ શાહ

માલેક---શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.

ગ્રાન્ટરોડ વીકટોરીઆ થીએટર---મુંબઇ.

સુરત ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "ઈંડીયા" પ્રીન્ટીંગ

પ્રેસમા કંચનલાલ ચુનીલાલે છાપી.

સંવત ૧૯૭૬ સન ૧૯૨૦

આવૃતી ચોથી પ્રત ૫૦૦૦.

વીર કુણાલ નાટકના મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

અશોક	....	પાટલી પુત્ર નગરનો મહાપ્રતાપી મહારાજા.
કુણાલ	....	અશોકનો, ધર્મ કર્મવીર પુત્ર.
ઉપગુપ્ત	....	એક બૌધ ધર્મી સમર્થ સાધુ.
માર....	....	બૌધ ધર્મથી શત્રુતા ધરાવનાર પાપીષ્ટ.
કુર્ણદેવ	....	તક્ષાશિલા નગરીનો રાજા.
રાધાગુપ્ત	....	સમ્રાટ અશોકનો પ્રધાન.
રવીપાલ	....	રાણી તિષ્યરક્ષિતાનો વિશ્વાસુ સરદાર.
જુઠાભાઇ	....	વડીલોપાર્જીત મીલકત ઉડાવી દીધા પછી ધુર્ત વિદ્યા શીખી લોકોને ધુતવા નીકળેલો વણીક.
ચતુર....	....	જુઠાથી ચારચંદા ચડે તેવો તેનો નાનો ભાઇ
ચંદનદાસ....		એક લોભી વણી .

ઉપરાંત—દરબારીઓ, સભાજનો, સૈનિકો, પ્રસહૂતો, કોટવાળ, મારવાડી, પ્રતિહાર, ઇત્યાદિ.

સ્ત્રી વર્ગ.

તિષ્યરક્ષિતા	....	સમ્રાટ અશોક પત્ની અને કુણાલની ઓરમાન માતા
કાન્ચનમાળા	...	વીરકુણાલની પતિપરાયણા પત્ની.
કલ્યાણી....	...	તિષ્યરક્ષિતાની વિશ્વાસુ દાસી
ભૂલામણી	....	ચંદનદાસની ઉચ્છૃંખલ પુત્રી અને જુઠાભાઈની પત્ની
કસ્તુરી ...	....	ભૂલામણીની ઓરમાન બ્હેન પછીથી ચતુરની પ્રિયતમા
રોહણી ...	....	ચંદનદાસની ગર્વિષ્ટ પત્ની
આશા ...	....	મનુષ્યને મોહપાસમાં નાંખનાર વ્યક્તિઓ.
તૃષ્ણા ...	....	


ઉપરાંત—સખીઓ, દાસીઓ વીગેરે.

સ્થળ—પાટલીપુત્ર, તક્ષશિલા, હિમપ્રદેશ, નરકાલય, અરણ્ય ઇત્યાદિ.

જુના અને જાણીતા

ડાહ્યાભાઈ જગજીવનદાસ

જરીવાલા.



હમારે ત્યાં ચોખ્ખી ચાંદીની ભરતકામની જીક, ટીકી, કાંગરી, કટોરી (કુળીયા) નાકા તથા લાકડી કસબ-ગોટા (રીબીન) વિગેરે દરેક જાતનો જરીમાલ હમારે ત્યાં તૈયાર મળશે તથા ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે તેમજ ઓર્ડર પ્રમાણે દરેક જાતનું અપ-ટુ-ડેટ ફેશન મુજબનું ભરતકામ બનાવવામાં આવે છે.

હમારા કારખાનાની બનાવટની ઉંચી કારીગરીની ખાત્રી માટે મુંબઇ તેમજ કલકત્તાના મોટા એકઝી-બીશનોમાંથી સોનાનાં ચાંદ—સરટીફીકેટો મળેલાં છે.

નં૦ ૩૭ ભીંડી બજાર—મુંબઇ.

વીર કુણાલ.

નાટકનો પ્રવેશાનુક્રમે સંક્ષિપ્ત સાર.

અંક પહેલો

મંગળાચરણ.

પ્રવેશ ૧ લો—ઉપગુપ્તની પર્ણકુટી—ઉપગુપ્ત ધ્યાનસ્થ બેઠેલો છે ત્યાં બૌદ્ધ ધર્મના પ્રચારથી ક્રોધે ભરાયલો માર પ્રગટ થાય છે અને પોતાની દુરકાંક્ષાઓ વ્યક્ત કરતો ઉપગુપ્તને મારવા ધસે છે, એટલામાં ભગવાન બુદ્ધ પ્રગટ થઈ તેને અટકાવી ઉપગુપ્ત તેનો પરાજય કરશે એમ સૂચવી અદૃશ્ય થાય છે. પછીથી ઉપગુપ્ત અને મારનો વિતંડાવાદ તેમાં ઉપગુપ્ત મહારાજા અશોકને પોતાનો શિષ્ય બનાવવાની પ્રતિજ્ઞા કરે છે અને માર તે પ્રતિજ્ઞા તોડવાનો નિશ્ચય કરી ચાલ્યો જાય છે. ત્યાર બાદ ઉપગુપ્તના કુણાલ ભવિષ્ય સંબંધી ઉદ્ગાર.

પ્રવેશ ૨ જો—મહાલય- વિજય કરી આવેલા કુણાલને તેની ઓરમાન માતા તિષ્યરક્ષિતા સખીઓ સાથે વધાવી રહી છે તથા સહસા કુણાલના સ્પર્શથી રોમાંચ અનુભવે છે અને તેના અનુપમ સૌંદર્યને જોઇ મોહ થાય છે પરંતુ કુણાલની પત્ની કાંચન-માળાને સામેથી આવતી જોઈ આશા નિરાશામાં ઝોલાં ખાતી તિષ્ય રક્ષિતા ત્યાંથી ચાલી જાય છે અને મંડપની ઓથે છુપાઈ પતિપત્નીની પ્રેમ ચેષ્ટાઓ જુએ છે. બાદ કાંચનમાળા પ્રવેશ કરે છે. અને પુષ્પાહારથી વિજયી કુણાલને વધાવી દંપતિ જાય છે તે જોઈ તિષ્યરક્ષિતાનું મોહમુગ્ધ થવું, ત્યાર બાદ મારનું આવવું અને તિષ્ય રક્ષિતાને પોતાની જાળમાં સપડાવવી. મોહાંધ તિષ્યરક્ષિતા કુણાલને રાત્રિએ પોતાના શયન મંદિરમાં બોલાવે છે જેથી મારને અત્યંત આનંદ.

પ્રવેશ ૩ જો—રસ્તો—ચંદનદાસની દીકરી ભુલામણીને પરણાવા માટે જુઠાભાઈ તથા ચતુર મોટા કરોડપતિ બની ત્યાં આવ્યા છે. એટલામાં ભુલામણી ત્યાં આવી ચડે છે. જેથી જુઠો પોતાની શાહુકારીના ગપાટા મારી ભુલામણીને પોતાની જાળમાં સપડાવે છે. ત્યાં ભુલામણીની નાની બેન કસ્તુરી આવે છે અને મોટી બેનને તેના પ્રેમી સાથે મળતી જોઇ નિરાશ થઇ ચાલી જાય છે જેથી છુપાઇને જોતો ચતુર તેને પોતાની કરી લેવા તેની પાછળ દોડે છે. પછીથી ભુલામણીને જુઠાભાઇનો આનંદ.

પ્રવેશ ૪થો—શયન મંદિર—માતાનો પુત્રપર વિષયમય પ્યાર જોઈ ખેદ કરતી દાસી કલ્યાણી કુણાલ પાસે આવે છે અને તિષ્ય-રક્ષિતાને મહેલમાં આવવાનું આમંત્રણ કરે છે. કુણાલ રાત્રીના

સમયે એકાન્તમાં આવવાની ના પાડે છે અને દાસીને વિદાય કરી કાંચનમાળાની રાહ જોતો ત્યાંથી નિદ્રાવશ થઈ જાય છે જેથી તિષ્યરક્ષિતા પોતેજ ત્યાં આવે છે અને કુણાલને જગાડી મોટી મોટી લાલચોમાં લપટાવી નિર્લજ્જતાથી પ્રેમ યાચના કરે છે. પરંતુ કુણાલ તેનો તિરસ્કાર કરે છે જેથી તિષ્યરક્ષિતા પોતાંપર અત્યાચાર કરવાની બુમો પાડે છે એટલામાં અશોકનું માર સાથે આગમન. તિષ્યરક્ષિતાની તેની પાસે ફરીયાદ, મારની ઉશ્કેરણી. અશોકનો ક્રોધ નિર્દોષ કુણાલને અયોગ્ય શિક્ષા ત્યાં અચાનક ઉપગુપ્તનું આગમન અને અન્યાય ન આપવાની અશોકને શિખામણ પણ તેથી અશોક વધુ ક્રોધે ભરાય છે. ઉપગુપ્તને દેહાંતદંડની શિક્ષા કરે છે અને કુણાલનુ અપમાન કરી દેશપાર કરે છે તે જોઈ મારને આનંદ.

— ટેબ્લો. —

પ્રવેશ ૫ મો—ચંદનદાસનું ઘર—કસ્તુરી અને ચતુરનો વિનોદ, તેમાં કસ્તુરી યુક્તિથી ચતુરની આંખે પાટા બાંધી છટકી જાય છે. ચતુર તેને ખોળવા ફાંફાં મારે છે ત્યાં જુઠાભાઈ પ્રવેશ કરે છે અને આવી મૂર્ખાઈ માટે ચતુરને ધમકાવી દેવું બહુ થયેલું હોવાથી છટકી જવાની યુક્તિ ગોઠવે છે ચંદનદાસને બોલાવી પોતાનો કાકો બીમાર હોવાની ગપ ઉડાવે છે. અને જવાની ઉતાવળ કરી પોતાની તીજોરી તથા તેમાંનું બનાવટી જર જવાહીર ચંદનદાસને સોંપી દે છે જેથી લોભીયો ચંદનદાસ વધુ લોભાય છે અને ગુલામડીનાં તેની સાથે તત્કાળ લગ્ન કરી તેને વિદાયગીરી આપે છે.

પ્રવેશ ૬ મો—મહાલય—આખી રાત્રી પતીના દર્શન ન થવાથી ચિંતાતુર થયેલી કાંચનમાળા પાસે કુણાલ આવે છે અને તેને સાથે લઈ પતિપત્ની દેશાંતર જાય છે.

પ્રવેશ ૭ મો—ઉદ્યાન દેહાંતદંડની શિક્ષાને એક પ્રહારનો વિલંબ હોવાથી સાધુ ઊપગુપ્ત નરકાલયની આગળના બગીચામાં ધ્યાનસ્થ બેઠેલા છે ત્યાં માર પ્રગટ થાય છે. અને આશા તૃષ્ણા આદિ સહચરીઓને બોલાવી ઊપગુપ્તને મોહમુગ્ધ કરવા કહે છે.

— સીન ટ્રાન્સફર. —

આશા તૃષ્ણા મોહક અભિનયથી ઊપગુપ્તને લલચાવે છે પરંતુ ઊપગુપ્ત તેને ઓળખી જવાથી તેનો તિરસ્કાર કરે છે જેથી સરદાર વેષે આવેલો માર કેદ કરી ઊપગુપ્તને નરકાલયમાં લઈ જાય છે.

— સીન ટ્રાન્સફર. —

ભયાનક નરકાલય—ત્યાં અશોક પ્રવેશ કરે છે અને સાધુના ઊપદેશને મિથ્યાદંભમાની બે મોટા પથ્થર વચ્ચે છુંદી નાંખવાનો હુકમ ફરમાવે છે. યમદુતો ઊપગુપ્તના માથાપર પથ્થર પડતો મુકે છે. પરંતુ ઊપગુપ્તના માથાને સ્પર્શ કરતાં પથ્થર ફાટી તેમાંથી ભગવાન બુદ્ધનાં દર્શન થાય છે. તે જોઈ અશોક ભય પામી ઊપગુપ્તના ચરણમાં પડે છે.

— ટેબ્લો. —

અંક બીજો

પ્રવેશ ૧ લો—રાજસભા—તક્ષશિલા નરેશ કર્ણદેવની રાજસભામાં આવીને કુણાલ દ્વંદ યુદ્ધની માંગણી કરે છે કર્ણદેવ તે સ્વીકારે છે. પરંતુ યુદ્ધમાં કુણાલ તેને પરાજય આપી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી પોતાનો મિત્ર બનાવે છે.

— ટેબ્લો. —

પ્રવેશ ૨ જો—આવાસ—કુણાલને વિજય મળવાથી હર્ષ ઘેલો અશોક તિષ્યરક્ષિતા આગળ આવી કોઇ પણ વસ્તુ માગવાનું કહે છે. તિષ્યરક્ષિતા માત્ર તેની રાજમુદ્રિકા માગે છે તે આપીને અશોક જાય છે. પછીથી રાણી કુણાલ પાછો ન આવે એટલા માટે અશોકના નામથી કર્ણદેવ ઉપર કુણાલની આંખો ફોડવાનો પત્ર લખી અશોકે આપેલી મુદ્રિકાની મોહોર કરી પોતાના વિશ્વાસુ અંગરક્ષક રવીપાળ સાથે તક્ષશિલા મોકલાવે છે.

પ્રવેશ ૩ જો—વિલાસ ભુવન—તક્ષશિલાપર વિજય મેળવ્યા પછી ત્યાંના રાજભુવનમાં કુણાલ કાંચનમાળા સાથે વિલાસરંગ રેલાવી રહ્યા છે ત્યાં કર્ણદેવ રવીપાળ સાથે આંખો ફોડવાનો પત્ર લઇને આવે છે. કુણાલ તે પત્ર વાંચી પિતાની આજ્ઞાપર તે પોતાની આંખો ફોડવા તૈયાર થાય છે. કર્ણદેવ બહુ બહુ કલ્પાંત કરે છે. પરંતુ કુણાલ પોતાની ધારણામાં દ્રઢ રહી પોતાની આજ્ઞાને માન આપી મારાઓના કંપતા હાથ પકડી પોતાની બન્ને આંખો ફોડી નાંખે છે.

— ટેબ્લો. —

પ્રવેશ ૪ થો—જુઠાભાઇનું ઘર—કરોડપતિ સાથે ભોગવિલાસ ભોગવવાની આશાવાળી ભુલામણી આગળ જુઠાનું પોગળ ખુલ્લું પડી જવાથી નિરાશ થાય છે અને બંને ભાઇઓને ધુતારા જાણી પોતાની ભુલ માટે પસ્તાય છે પણ આખર કુલીન માબાપની દીકરી તેજ ગૃહસંસાર નિભાવવાનો નિશ્ચય કરે છે. એટલામાં જુઠાનો એક લેણીયાત આવે છે જેથી જુઠા ને ચતુર છુપાઇ જાય છે અને ભુલામણી તેને પોતાના મોહમાં ફસાવી નાણા પડાવે છે પછી જુઠા ને ચતુર લ્હેણીયાતને માર મારી કાઢી મુકે છે ભાઇને આવી ચતુર બૈરી મળેલી જોઇ ચતુરને ખેદ થાય છે અને જુઠો તેને દીલાસો આપી તેનો સસરો પોતાને ત્યાં આવવા નીકળેલા હોવાથી રસ્તામાં તેને લુટવા બંને ભાઇઓ લુટારા બનીને જાય છે.

પ્રવેશ ૫ મો—મહાલય—ધર્મ પ્રચાર કરવા માટે દેશાંતર જતા ઊપગુપ્ત અશોકને ઊપદેશ આપી વિદાય થાય છે તે જોઇ રાણી તિષ્યરક્ષિતાને આનંદ ત્યાં સરદાર રવીપાળનું આવવું અને કુણાલની આંખો રજુ કરવી. તિષ્યરક્ષિતા પોતાના અપમાનના બદલામાં તે આંખોને પગ તળે છુંદી નાંખવા તૈયાર થાય છે રવીપાળ તેમ કરતાં અટકાવે છે જેથી વિતંડાવાદ પરીણામે રવીપાળનો આપઘાત.

પ્રવેશ ૬ ઠો—જંગલ— અંધ કુણાલ અને કાંચનમાળા પહાડના પથ્થરોમાં અથડતાં ક્ષુધા તૃષાથી પીડાઇ રહ્યાં છે ત્યાં માર કિરાત વેશમાં આવીને તેમને ધર્મ ભ્રષ્ટ કરવાના હેતુથી પોતાની માયાથી ઉપજાવેલું તામસી ભોજન આપે છે. પરંતુ દૈવેચ્છા જુદીજ હોવાથી જેવી કાંચનમાળા રોટલો કુણાલના હાથમાં આપી પાણી

ભરવા જાય છે તેવુંજ એક પક્ષી આવી કુણાલના હાથમાંથી રોટલો ઝુંટવી જાય છે તે જોતાં કાંચનમાળાના હાથમાંથી પાણીનું વાસણ પડીને ફુટી જાય છે અને કાંચનમાળા મુર્છાવશ થાય છે. પોતાનો આપેલો ખોરાક પક્ષીને ઝુંટવી જતુ જોઈ માર આશ્ચર્ય પામે છે અને કોઇ બીજી યુક્તિ કરવા વિચાર કરે છે ત્યાં સામેથી ઉપગુપ્ત આવતો જોઈ માર અદ્રશ્ય થાય છે. પાછળથી કાંચન-માળાને મત્યુ પામેલી જાણી કુણાલનું કલ્પાંત આત્મઘાતની તૈયારી ઉપગુપ્તે તેને તેમ કરતાં અટકાવવા કાચનમાળાને સાવધ કરવા અને દંપતિને ઉપદેશ

પ્રવેશ ૭ મો—જંગલ—લુટાગ બનેલા જાુડો અને ચતુર ચંદનદાસની પાસેથી તીજોરી અને માલમતા લુટી લઈ કસ્તુરીને પકડી રાખી ચંદનદાસને ગેહીણીને કાઢી મુકે છે પછીથી ભય પામતી કસ્તુરી સમલ ચતુરનું ખરા રૂપમા જાહેર થવું. અને પ્રેમીઓનો વિનોદ.

પ્રવેશ ૮ મો—અશોકનો આવાસ—કુણાલના કાંઇ પણ સમાચાર ન મળવાથી અશોક ચિતાતુર અવસ્થામાં બેઠેલો છે ત્યાં કર્ણદેવ અને પ્રધાન રાધાગુપ્ત આવી કુણાલની આંખો કાઢી નાંખી દેશપાર કર્યાના ખબર આપી તેની કુરતા માટે ઠપકો આપે છે પરંતુ અશોક પત્ર લખ્યાનો મનકાર કરે છે જેથી બધા ગુચવાડામાં પડી જાય છે ત્યાં દાસી કલ્યાણી આવે છે તેને શામદામથી મનાવે છે અને કલ્યાણી બધું પોગળ ખુલ્લુ કરે છે ત્યાં તિષ્યરક્ષિતા પોતાની ગુપ્ત બીના બહાર પડતી અટકાવવા માટે કલ્યાણીનું પીસ્તોલથી ખુન કરે છે. પરંતુ અશોક તેને જોઈ જાય છે જેથી રાણી એકદમ નીચે

આવે છે તેને નીચે પટકી મારું શું છે તે મનાવે છે. રાણી સમજુ કબુલ કરે છે જેથી અશોક તેનો વધ કરવાનો હુકમ ફરમાવે છે ત્યાં ઊપગુપ્ત પ્રગટ થઇ આ સર્વનું કારણ પાપીષ્ટ માટે છે એમ બતાવી અશોકને સ્ત્રી હત્યા કરતો અટકાવે છે.

ટેબ્લો.

અંક ત્રીજો

પ્રવેશ ૧ લો—ઉપવન—દરેક પ્રયત્નમાં નિરાશ થએલો માર કોઇ બીજી યુકિત ગોઠવવાનો નિશ્ચય કરી જાય છે ત્યાં કુણાલ અને કાંચનમાળા આવી ચઢે છે અને આ નગર પાટલી પુત્ર છે એમ જાણી પિતાએ કરેલી દેશપારની આજ્ઞા ન લોપવા માટે પ્રાતઃકાળમાં શહેર ત્યાગી જવાનો નિશ્ચય કરી રાતવાસો કરવા માટે કોઇ સ્થાન શોધતાં આગળ જાય છે.

પ્રવેશ ૨ જો—મહાલયની આગળનું ચોગાન—અશોકના શયન મંદિરની નીચે થઇને કુણાલને કાંચનમાળા નીકળે છે ત્યાં પહેરેગીર ધક્કા મારી પાછા કાઢે છે. જેથી કુણાલ સમયની મહત્તા દર્શાવે છે તે સાંભળી અશોક જાગૃત થઇ નીચે આવે છે અને કેટલીક વાતચીત પછી પરસ્પર ઓળખાણ અને પિતા પુત્રનો મેળાપ.

પ્રવેશ ૩ જો—કારાગાર- તિષ્યરક્ષિતાનો પોતાના કૃત્યો માટે પશ્ચાતાપ અને આત્મઘાતની તૈયારી ત્યાં અશોક આવી તેને અટકાવે છે. આર બાદ બંધ કુણાલ ગુરૂદેવ સાથે ત્યાં આવે છે તેને જોઇ

વાર્તાલાપ કરતી તિષ્યરક્ષિતા તેની પાસે અપરાધની ક્ષમા માગી પોતાની આંખો ફોડવા તૈયાર થાય છે પરંતુ ઉપગુપ્ત આવી તેને સાહસ કરતી અટકાવે છે અને કુણાલને પુનઃનેત્ર પ્રાપ્તિ થાય છે. પછી પાપથી સળગતા અને ક્ષમા માગતા મારનું આવવું તેને ક્ષમા અને સર્વનો તેના તરફ તિરસ્કાર.

ટેબ્લો

પ્રવેશ ૪ થો—જુઠાનુ ઘર—પોતાને લુટી લેવાથી દુ:ખ રોતાં ગંધનદાસને રોહાણી આવે છે અને કસ્તુરીને લુટારા લઈ ગયાની ખબર આપે છે ત્યાં ચતુર કસ્તુરીને ભાન છે અને લુટારાઓ સાથે લડાઈ કરી છોડાવી લાવ્યા બડાઇ મારે છે અને તેના બદલામાં કસ્તુરી પોતાની સાથે પરણાવવાનું માંગી લે છે પણ ચંદન તેમને ધુતારા તરીકે ઓળખી ગયેલો હોવાથી સાફ ઇનકાર કરે છે. ત્યાં જુઠો કોટવાળને લઈ આવે છે અને પોતાની તીજોરી માગે છે પણ તે ન હોવાથી કોટવાળ પાસે સસરા સાસુને કેદ પકડાવે છે જેથી લાચાર થઇ કસ્તુરીને ચતુર સાથે પરણાવવાનુ ચંદન કબુલ કરે છે જેથી સર્વને આનંદ.

પ્રવેશ ૫ મો—મહાલય- દ્રષ્ટિ પામેલા કુણાલ અને સઘળા દુઃખ દુર જવાથી આનંદમાં આવેલી કાંચનમાળાની પ્રેમ ચેષ્ટાઓ.

પ્રવેશ ૬ ઠો—બુદ્ધચૈત્ય ઉપગુપ્ત ને બીજા સાધુઓ. સમક્ષ જે આજે નરકાલય હતું તે જગ્યાએ બાંધેલું વિશાળ ચૈત્ય ભગવાન બુદ્ધની પ્રતિમાનું દર્શન ને નવત્ર જયઘોષ.

સમાપ્ત

શ્રીગણેશાયનમઃ

શ્રી

વીર કુણાલ.

નાટકના ગાયનો.

અંક પહેલો,

(મંગળાચરણ.)

સુત્રધાર અને બાળાઓ— ૧

મંગળ કર શિવ સકલ તું
વિપદહર સહાય કર તું
શંભુ સ્મરણ દુરિત હરણ
કરીએ ધરી ચરણ શરણ
અશરણ શરણ શશીભાલ—

બાળાઓ—   ૨

ક્યાં છે ભારતના રત્ન તે અમારા પ્યારાં
માતૃભૂમી તણાં તેજને નયનોનાં તારા
ધન્ય રમણી સાવીત્રી સીતાને તારા
જેના યશની આદેશે વર્ષે છે ધારા
ભૂતકાળ તણી ભવ્યતાતી ધાજે
માતૃભૂમી અમારી શું આતે
માતૃભૂમી એની એજ ગયું પહેલાનું તેજ
ગયાં પ્રાણર્પણે ટેક જાળનાના—

સખી, તિષ્ય, કુણાલ—   ૩

અંતરના પુણ્યોથી સજની વીર યુવરાજ વધાવો આજે
માણુસ મણિ મુક્તામય સોહે સંજહંસ રીઝાવો આજે
ઉરના આનંદથી કીર્તિની માળા
કંઠે સોહાવો એ રસ રહીયાળા
નરવર એ રતિવર સમ રાજે—
સ્નેહી જનના સ્નેહમાં છે હર્ષામૃત પાન
વસુધા પણ ઝળકી રહી હર્ષ વસ્ત્ર પરિધાન—

કાંચનમાળા—   ૪

ક્યાં વહે મમ જીવન સરણા
રસ ભરિત અમી ઝરણ નયના—

હું અધીરી દર્શ પ્યાસી, પ્રેમભોગી પ્રિય કરના
એ છબીપર પ્રાણ વારૂં, દર્શ પામું મનહરના

કાંચન અને કુણાલ— ૫

સુરભિ નીરખી શ્યામની મધુર પુષ્પ શરમાય
તે લજ્જાની જવનિકા આ રીતે વિખરાય
આ પ્રાણતણાં પુષ્પોને પિયુ કરમાવશો ના
મને શરમાવશો ના ફરી તલસાવશો ના
હૃદય ગણી શીરતાજ અમારા જીવન સુધા ભરનારા
કદી ન્યારા થશો ના -
સ્નેહ સૂત્રમાં પુષ્પ રસાળાં રહીવીવશ રંજન કરનારા
તેના દોષ દિલાવર દીલમાં લાવશો ના—

ભુલામણી— ૬

હું મદમાતી ભુલામણીને નામે પંકાતી
કોઈ લહેરી જોઈ લજવાતી હું લચક છબી લેખાતી
ભર જોબનમાં ઝોલાં ખાતી દેવ દર્શને જાતી
નીરખી કંઈકની અંતર કળીઓ ખીલીને કરમાતી
રસથી છલકે ગૂઢ છાતી—

ભુલામણી અને જુઠો— ૭

હું તો વારૂં આ તનમન ધન તમપર કુરબાન
આજ મારાં આગણાં શોભાવજો

અમે પરદેશી પ્રેમ ભુખ્યા હડકાયા મહેમાન—આજ૦
નખરાં ઓછા કરોને કાળજું કોરાવજો
સુરતી જોઇ મીઠી મને કંઇક કંઇક થાયજો—
હાય મારી દીધો, મને ઘાયલ કીધો—અમે.

કસ્તુરી— ૮

અજબ સુરત મદભરી આ મોહીની શોભાવતી
અલબેલા કોઈ છેલને લોભાવતી
રસભીના કોઈ લાલને લટ્ટુ બનાવતી—
હું હું જુવાન બાળા જોઈ છેલ અટક્યાળા
કોઈ આંખડી લડાવે પાછળ પીટયાઓ આવે
પણ હું તો એ છેલની છબી છુપાવતી—

ઝુલામણી—જુઠો— ૯

દીલના આરામ અમારા છો શ્યામ અમારા
સલુણા લોચન તારા
ભલભલાને ભુલાવે ઝુલામણી એવાંઓને નરસાળાં
પરવશ કીધો તે રાખી હૃદયમાં દીધાં છે પ્રેમનાં તાળાં
એ ઉરનાં બંધન બળવાળાં
નવ છુપે પ્રાણ મારાં—છો૦
જોડું જુગતું થયું આપણું જગના લોકો જોશે
આ બુલબુલને જોઈ કંઈક તો માથે ઓઢી રોશે
કહેશે સહુ તમારી વહુ........ભલભલાને

કાંચન અને કુણાલ— ૧૦

અમારા દેશને છોડી અમે થાનાર પરદેશી
હૃદયને મેળવી લેશે અમારો પ્યાર પરદેશી
થયા દુર્ભાગીયા એવા તજાવી દેશની સેવા
ભટકશું પારકા ઘરમાં બની લાચાર પરદેશી
અમારા દેશ બંધુઓ અમારી જન્મ ભુમીમાં
કરે છેલ્લા પ્રણમો છે અમે હૃદપાર પરદેશી—

આશા—તૃષ્ણા—સખીઓ— ૧૧

મલયા નીલ વસંતને કામ ધનુષ ટંકાર
પુષ્પ વેલીઓ ઝુકી રહી વર્ષાવે રસધાર
આવો આવોને આજ રોજ
જોગીને લોભાવો
સાંધા હૈયાપર નેનબાણ મોહમાં ફસાવો
મદન રાજની ધુણી જગાવી ભરમાવી જોબનમાં
જોગી રાજનો જોગ તજાવી લલચાણું લોચનમાં
ભુલે સાન ભાન ધ્યાન
કસી કંચુકી કસ કસતી હું રસબસ કરૂં બસ તનમાં
અમૃત રસનું પાન કરાવી રાખું મોહન મનમાં
ભલે સાન ભાન ધ્યાન

અંક બીજો,

વારાંગના-ઉસ્તાદ--- ૧૨

સાંવરા તીહારી તીરછી નજરીયાં
કટગઇ મોરા જીગર પીચરવા
હમપર ડારી તીરછી નજરીયાં
કપસે કટા નાજુક જીગરવો કુછ નહીં આયા નજર
ફીરતી રહા જીતા હૃદય સંગદીલ સનમકે નામપર
લેજા કભી હંસ દર્દીઓકો દરકકા મઝીલમેં
ફીરતી નહીં કુરકત મુઝે દીલકી રવા હય દીલમેં

સખીઓ-- ૧૩

સખી જોને ચાંદલીઓ પેલો જોને આકાશ ઉરે જોને
રાજે કેવા રંગમાં
એના મંદમંદ હાસ્યે અલી મ્હોને અંધારા ઉરના એને—
શાં રશ્મિ શીતળ ચંદ્રનાં વસુધા પરે પડતાં સખી
કીરણો તણાં કુસુમો કરી વસુધા વધાવે વ્હાલથી
વ્હાલમ તણાં સુખચંદ્રથી અમૃત મધુર ઝરતાં સખી
હૃદયે ઝીલી એ ધાર સૌ વ્હાલમ વધારો વ્હાલથી

નાની સખી- ૧૪

કુંતા વીંધ વીંધ રંગ બતાવું નેન નચાવું
ને લલચાવું મારા કંથને વશ કરવા
રીસ કરી નેણ આડી આંખે ઝૂમી ખચુતી શરમાતી
હરિ સખી લળીલળી હું લચકાતી—
મનાવતાં પણ હું મરડાતી છણકે છટકી જાતી.
કહે માફ કર કાલાવાલા કરતાં હું હરખાતી
હરિ સખી હરી હસીને ખસી જાતી
પગે પડે જ્યાં પ્રીતમજી ત્યાં પાણી પાણી થાતી

કાંચન અને કુણાલ- ૧૫

જ્યાં પ્રેમ વીણા પ્રીય મારા મંજુલ કરતી ઝણકારા
ત્યાંથી ન્યારાં થઇને પ્રેમી ક્યાં જશે
એ વિણાથી વીસડોલે પ્રણય રસના મંત્ર બોલે
તે રસમાં જે પરવશ થાતાં
જાઓ કહે ત્યાંથી નવ જાતાં
એ મધુ જીવનનાં સુખ કર સમણાં
અનુભવતાં સ્મરનાં સ્નેહનાં ગીતડાં જાગશે —

કુલામણી- ૧૬

મારા પાતળીયાની જોડ જગમાં ના જડેરે
એ ખળ હું મોહાની મોળી
રીઝાવું પ્રીતી રસ ઢોળી
મદન રંગથી રંગી રોળી
પણ પ્રેમની ઝોળી જોડી ના જડેરે -

ઝુલામણી અને લ્હેરી— ૧૭

તમે લાલ છો લટકાળા હું મોઘી મોહનમાળા
મોતીડાં મોઘાં લાવો આ માળામાં મઢાવો
ચાલું લટકતી થઈ છું શેઠાણી ચાવી તીજોરીની લાવો
નહીં તો પરણીને રખે પ્રીતમજી ભોળી ભામાને રડાવો
પગે અહીંસે હીરા મોતી શેઠાણી મું લાગ
શાટીજી શેવક બન જાઉ થારો હુકમ ઊઠાઉં

જુઠો—ચતુર— ૧૮

હું ખાપરો તું કોડીયો જોડી વીંછીને સાપની
મીઠા ડસીને પૂછવું છે બુદ્ધિ કોઇના બાપની
કાયદો પૂછી શકે નહીં એવી વિદ્યા આપની
કાયદેથી બોલી ફરવુ છે બુદ્ધિ કોઈના બાપની
માથાંઓ મુંડી મુર્ખના પહેરાવી ટોપી માપની
કહેવું અમે શું જાણીયે છે બુદ્ધિ કોઈના બાપની
પોલો સહુ સંસાર અહીં પરવા કરોના પાપની
શ્રીકૃષ્ણ ગીતામાં કહી ગયા છે બુદ્ધિ કોઈના બાપની—

ઉપગુપ્ત— ૧૯

કારી નયનથી નચાવે નારી પામર નરનાદાન
નીર વીના ધરતીપર તરતી પાંખ વિના આકાશે ફરતી
શસ્ત્ર વિના શબ્દે સંહરતી
ઇચ્છા જે ધરતી તે બોલ્યા વીણ પણ એ કરતી
એ બળવાન નારી
જુઠી હસતી જુઠી રડતી મુખથી અમૃતમય ઉચરતી
હૃદયે ઝેર હળાહળ ભરતી
કામ ક્રોધમાં ભૂલી કૃત્યો કાળાં આચરતી નર્ક સમાન નારી

ઉપર્યુક્ત—   ૨૦

છોડી દુનીયાની માયા કાયા તે કામનીરે
પરહિત કારણ નવ રાખો પરવા ધન ધામનીરે
ખાન પાનની પીડા તજીએ ભવ તારકને ભજીયે
ઘરઘર ભટકી ધર્મ ધ્વજા લઈ દેશની સેવા સજીયે
સાચી કમાણી કરવી નીતિ દયા દામનીરે—

ચતુર અને કસ્તુરી—   ૨૧

પાતળીયા તેં તો પ્યારમાં મુજને પરવશ કીધી
ચતુરાને પણ આ ચતુરીયે કેવી બાંધી લીધી
બાંધી લીધા પરવશ કીધા
જો હું શેર તું સવાશેર આ જુગતી જોડી જામી
રંગે રંગ ભળે દુનીયામાં તોજ મજા મનમાની
આ દુનિયામાં સિધ સાધંક થઇ લઇશું જીવન લ્હાણી—



અંક ત્રીજો

કુણાલ અને કાંચન— ૨૨

હતાં સંસાર વાડીમાં અમે પુષ્પો પ્રભાવાળાં
થતાં ઉભાં ખીલ્યાતાંને રહ્યાતાં ખુબ રઢીયાળાં—
ડુબ્યો ભાનુ વીતી સંધ્યા નિશા થઇ ઘોર અંધારી
રહ્યાં તે પુષ્પ પણ તેમાં સુગંધી પૂર્વની ન્યારી—
સહુ જાણો સુખોનો અંત આખો દુઃખમાં થાશે
કળી ખીલી સુકાશે ને પ્રબળ વેગે ખરી જાશે—
અરે તેથી ખર્યા પહેલાં ભલું કર કંઈ જીવન ભરમાં
કરી પરમાર્થની તરણી તરીજા આ વાયમ સરમાં—

કુણાલ— ૨૩

સમય જો હોય સારો તો બધો સંસાર સારો છે
સમય સારો રીસાવ્યો ત્યાં નહિં સંસાર તારો છે—
ચડે વાદળ ચડે ભરતી ચડે જોબન વધે લક્ષ્મી
ઘડીમાં તે પડી જતાં સમયનો રંગ ન્યારો છે—
સમય સારે ન સારૂં જે કરે તે સહુ ગમારો છે
પછીથી ખાય તે ખત્તા સમયનો રંગ ન્યારો છે—

જુઠા, ચતુર, વિગેરે— ૨૪

આવી ફરી (૪) જુઠાભાઈ
બુદ્ધિ કોઇના બાપની જગદ ભરમાં
હારીને આવ્યા છે હાલ ઠેકાણે આ લોભીલાલ
શાપો માંડવો હે શ્વસુરજી
બીવા અટ થાય પછી ભલે અખમારે સહુ
ફેરાં ફરે વર વહુ માનીપે આનંદ બહુ—બુદ્ધિ૦
મંગળ ગાતાં હરખાવો આગણુ ચોરી બંધાવો
વરકન્યાને પરણાવો મધુરાં વાજા વગડાવો
ડીગ ધર્તાગ (૩) ડંગ (૫)—બુદ્ધિ૦

કાંચન અને કુણાલ— ૨૫

મીઠી મીઠી પ્રમદાને પિયુની છાય
જેમાં હૈયાં પ્રેમીના હાલોળા ખાય
અમી વરસાવે એ તાપ સમાવે એ
ખાલે ઉરના સુમન શશી જ્યોને
ઝીલે જીવન સુધારસ મોહીને
રાંતરસના સરવરના તટપરના ઉપવનમાં...

હીન્દુ ભાઈઓને તેમજ પારસી ભાઈઓને

ખુશ ખબર.

મારા, સાજા, ખુશબોદાર, મસાલાની પ્રખ્યાત અને પ્રજાની માનીતી દુકાનની વધામણી તમારા ઘર સંસાર કર-કસરથી ચલાવો આ મોંઘવારીના વખતમાં હલકા બજારૂ મસાલા વાપરી તન્દુરસ્તીને નુકશાન કરવું એ અનીશે ધારતી ભગેલુ કામ છે. મહેરબાનો જો તમારે રોજનો તાજો દલાતો મસાલો વાપરવો હોય અને મો સ્વાદ પકવાનો ખાવા હોય તો જરૂર હમારી દુકાનમાં પધારજોજી તમારી નજર સામે બનતો મસાલો દેખાડવામાં આવશે. અરે ભાઈઓ હમારા મસાલાની

ભયંકર બાબદ છે!

ઠેકાણું સેંડસ રોડ, પારેખ હસ્પીટાલની બાજુમાં
ડો૦ પેઈ બીલ્ડીંગ, મુંબઇ.

માલેક—**જહાંગીર કાવસજી**

મસાલાનું કારખાનું.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકો શ્રી લક્ષ્મી કાન્ત ના૦ સમાજનો મુકામ જ્યા હોય ત્યાંથી રોકડી કીંમ મળશે, વી૦ પી૦ થી મોકલવામાં આવશે નહીં.

૧ કાનવી માયા નાટકનાં ગાયનો			૦—૪—૦
૨ સૂર્યકાન્ત	,,	,,	૦—૪—૦
૩ ઓડાણો	,,	,,	૦—૪—૦
૪ સુધા ચંદ્રિકા	,,	,,	૦—૪—૦
૫ પ્રેમ સંહાર	,,	,,	૦—૪—૦
૬ પાવાગઢનો પ્રલય		,,	૦—૪—૦
૭ શંકરાચાર્ય	,,	,,	૦—૪—૦
૮ શકુંતલા	,,	,,	૦—૪—૦
૯ વીર કુણાલ	,,	,	૦—૪—૦
૧૦ કુસુમચંદ્ર	,,		૦—૪—૦

શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજ.